DATE :- 03-10-2026

DIVYABHASKAR, PAGE-05, SURAT

### ડ્રીમ સિટીથી અલથાણના 4.5 કિમી રૂટ પર મેટ્રો દોડાવાશે, લોકાર્પણને લઈ ગતિવિધિઓ તેજ કરાઈ

# દિવાળીમાં વડાપ્રધાનના હસ્તે મેટ્રોના લોકાર્પણની શક્યતા, તે પહેલાં ખજોદનો કચરો હટાવવા કવાયત

### 10 લાખ મેટ્રિક ટન કચરાની સમસ્યા દૂર કરવા કમિશનર બેનીવાલે સ્મિત લોઢા અને મૌલિક રાવને કમાન સોંપી

ઇન્ફ્રા રિપોર્ટર | સુરત

વર્ષોની લાંબી પ્રતીક્ષા બાદ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ આખરે વાસ્તવિકતાના આરે પહોંચ્યો છે. સુરત મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ ફેઝ સરથાણાથી ડ્રીમ સિટી અંતર્ગત ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સુધીના 4.5 કિલોમીટરના એલિવેટેડ રૂટનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દિવાળી-નવેમ્બર માસમાં યોજાય તેવી પ્રબળ શક્યતાઓ છે. આ હાઈપ્રોફાઈલ ઉદ્ઘાટનને ધ્યાને રાખીને ગાંધીનગરથી લઈને સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં ઉચ્ચ સ્તરીય ગતિવિધિઓ અત્યંત તેજ બની ગઈ છે. મેટ્રોની કામગીરી એડવાન્સ સ્ટેજ પર હોય સૂચના મળતાં જ ઉદ્ઘઘાટન માટે તંત્ર તૈયાર હોવાનું પણ GMRC જણાવે છે.

## ટર્મિનલ સ્ટેશન ડ્રીમ સિટી ખાતે હોવાથી 10 લાખ ટન કચરો સૌથી મોટો પડકાર

મેટ્રોનું મુખ્ય ટર્મિનલ સ્ટેશન ડ્રીમ સિટી ખાતે હોવાથી તેની નજીક ખજોદ સાઈટ પર 10 લાખ મેટ્રિક ટન કચરો સૌથી મોટો પડકાર છે. પાલિકા કમિશનર રાજકુમાર બેનીવાલે સાઈટને તાકીદે સાફ કરવા કવાયત હાથ ધરી છે. જેને સમય મર્યાદામાં પૂરી કરવા કમિશનરે સોલિડ વેસ્ટ વિભાગની જવાબદારી ડે.કમિશનર સ્મિત લોઢા અને એક્ઝિક્યુટિવ ઈજનેર મૌલિક રાવને સોંપી છે.

**સરથાણાથી ડ્રીમ સીટી (કોરિડોર-1)** અંતર 22.77 કિ.મી. (15.75કિમી. એલિવેટેડ, 7.02 અન્ડર ગ્રાઉન્ડ)

**સ્ટેશન-20:** ક્યાં ક્યાં સ્ટેશનો- સરથાણા, નેચર પાર્ક,વરાછા ચોપાટી, કલાકુંજ સ્વામિનારાયણ મંદિર, કાપોદ્રા, લાભેશ્વર ચોક, સેન્ટ્રલ વેરહાઉસ, સુરત રેલવે સ્ટેશન, મસ્કતી હોસ્પિટલ, ચોક બજાર, ગાંધી બાગ, કાદરશાની નાળ, મજુરાગેટ, રૂપાલી કેનાલ, અલથાણ ટેનામેન્ટ, અલથાણ ગામ, વીઆઈપી રોડ, વુમન આઈટીઆઈ, ભીમરાડ, ડ્રીમ સિટી

**કયા સ્ટેશનોનું લોકાર્પણ થશે**

ડ્રીમ સીટીથી અલથાણ ટેનામેન્ટ સુધીના રૂટ પર આવતાં સ્ટેશનોમાં ડ્રીમ સીટી, ભીમરાડ, વુમન આઈટીઆઈ. વીઆઈપી રોડ, અલથાણ ટેનામેન્ટ,અલથાણ ગામ

**ડ્રીમ સિટી સ્ટેશન ખજોદ 'ફોકસ**

મેટ્રોનો કોરિડોર-1 સરથાણાથી ડ્રીમ સિટી સુધી 21.61 કિમીનો છે, જ્યારે 4.5 કિમીનો ડ્રીમ સિટી–અલથાણા ટેનામેન્ટ વિભાગ પ્રાયોરિટી સેક્શન તરીકે આગળ ધપાવાયો છે. GMRC દ્વારા આ રૂટ પર ટ્રાયલ રન સફળંતાપૂર્વક કરાયું હતું. પ્રોજેક્ટની લંબાઈ 40.35 કિમી છે. તેમાં સરથાણા–ડ્રીમ સિટીનો 21.61 કિમીનો કોરિડોર અને ભેસાણ–સારોલીનો 18.74 કિમીનો કોરિડોર સામેલ છે. પ્રોજેક્ટની મંજૂર પૂર્ણતા કિંમત રૂ.12,020 કરોડ છે.